ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૮-૭-૨૦૨૧, ગુરૂવાર


હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

# ખેડૂતોને પડતા ઉપર પાટુ : જિલ્લામાં વરસાદની ખેંચ વચ્ચે ખેતરોમાં ભૂંડનો ત્રાસ

## નિલગાયોનો ત્રાસ ઓછો થયો ત્યાં ભૂંડની મોકાંણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને પડતા ઉપર પાટુ વાગ્યું છે. ખરીફ વાવેતરના આરંભે ખેડૂતોએ વાવેતર કરી દીધા પછી વરસાદ ખેંચાતાં બિયારણ નિષ્ફળ જવાની ભીતી છે ત્યાં કેટલાક વિસ્તારોમાં રાત્રે ખેતરોમાં ભૂંડનો ત્રાસ વધી ગયો છે. વાવેતર થયેલ બિયારણનો ભૂંડનાં ટોળાં ખુડદો બોલાવી રહ્યાં છે જેના કારણે ખેડૂતોને બિયારણ બચાવવા માટે ખેતરમાં રાત ઉજાગરા કરવા પડી રહ્યા છે. ચોમાસાના આરંભે વરસાદની ખેંચ અને ભેલાણથી ખેડૂતોની અગ્નિ પરીક્ષા થઈ રહી છે.

ચાલુ વર્ષે ખેડૂતોએ વહેલો વરસાદ વરસતાં હરખથી ખેતરોમાં વિવિધ પાકોનું વાવેતર કર્યું છે જેમાં કપાસ, મગફળી, મકાઈ સહિતના બિયારણો ખેતરમાં ધરબ્યા પછી વરસાદે છેહ દીધી છે. સિંચાઈની સુવિધા ધરાવતા ખેડૂતોએ બિયારણને બચાવવા માટે સિંચાઈનાં પાણી આપવાની શરૂઆત કરી પરંતુ ભૂંડના ભેલાણનો ત્રાસ હવે ખેડૂતો માટે માથાના દુઃખાવારૂપ બની ગયો છે. બંન્ને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ૧ વર્ષથી ભૂંડ પકડવાની કામગીરી થઈ નથી જેના કારણે વસતી વિસ્ફોટ થયો છે. દિવસે ભૂંડનાં ટોળાં વાંઘા-કોતરોમાં છૂપાયેલાં રહે છે અને રાત પડે ખેતરોમાં ઉમટી પડી કુમળું બિયારણ ઓહીયા કરી જતાં હોવાથી ખેડૂતો પાયમાલ બની જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. જિલ્લામાં અગાઉ નિલગાયોનો ત્રાસ ખેડૂતો માટે અસહ્ય થઈ પડ્યો હતો પરંતુ ચોમાસાના આરંભે આશ્ચર્યજનક રીતે નિલગાયો જંગલ વિસ્તારમાં ધામા નાખી બેઠી પરંતુ ભૂંડનો ત્રાસ ખેડૂતોને પજવી રહ્યો છે. જંગલ વિસ્તારમાં નિલગાયો માટે પર્યાપ્ત ઘાસચારો ઉગી નિકળ્યો છે. જેથી ભેલાણમાં ઘટાડો જરૂર થયો પરંતુ ભૂંડનાં ટોળાં અનેક પ્રયાસો છતાં ખેતરોમાં નુકસાન પહોંચાડતાં હોવાથી ખેડૂતો લાચા બન્યા છે.

# વરસાદ ખેંચાતાં સાબરકાંઠા, અરવલ્લીમાં વૃક્ષ વાવેતરનો ઉમળકો મૂરઝાયો

**વરસાદ ગાયબ રહેતાં વૃક્ષારોપણને અસર**

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ ખેંચાતાં ખરીફ વાવેતર સંકટમાં મૂકાયું છે. કોરોનાની મહામારીમાં ઓક્સિજનના અભાવે મૃત્યુઆંક ઉંચકાતાં સૌ કોઈને વૃક્ષોનું મહત્વ સમજાયું છે જેથી વરસાદના આરંભે વૃક્ષારોપણનો ઉત્સાહ પ્રજામાં જરૂર દેખાયો પરંતુ હવે વરસાદ ખેંચાતાં વૃક્ષ વાવેતરનો ઉમળકો મૂંરઝાયો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદ ગાયબ થતાં વૃક્ષારોપણને અસર થઈ છે જેના કારણે નર્સરીઓમાં વિતરણ માટે રાખેલા રોપાઓ જૈસે થે હાલતમાં રહ્યા છે.

જિલ્લામાં દર વર્ષે લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરી હરીયાળી બતાવવાનો પ્રયાસ થતો હોય છે. વન વિભાગ દ્વારા બંન્ને જિલ્લામાં વૃક્ષારોપણનો લક્ષ્યાંક લાખોની સંખ્યામાં નક્કી કરી નર્સરીમાંથી રોપાનું વિતરણ કરવામાં આવતું હોય છે. જંગલ વિસ્તારમાં પણ વિભાગ દ્વારા ઔષધિય ગુણધર્મ ધરાવતા વૃક્ષોના ઉછેર માટે રોપા વાવી જતન કરવાના દેખાડા થતા હોય છે પરંતુ ત્યારબાદ કોઈ દરકાર લેવાતી નથી જેથી ટૂંક સમયમાં જ વાવેતર થયેલા રોપા નષ્ટ થતા હોય છે. કોરોનાની મહામારીમાં ઓક્સિજનના અભાવે ટપોટપ સંક્રમિત દર્દીઓના મોત નિપજતાં સૌ કોઈને શુદ્ધ ઓક્સિજનની મહત્તા સમજાઈ છે જેથી આ વખતે ચોમાસા પૂર્વે વૃક્ષારોપણનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જબરો ઉત્સાહ જોવા મળ્યો પરંતુ વરસાદ અદ્રશ્ય થઈ જતાં વાવેતરનો ઉમળકો ઓસરી ગયો છે. બંન્ને જિલ્લામાં નર્સરીઓમાં ઉછેરેલા રોપાનું માંડ વિતરણ શરૂ કરવામાં આવ્યું ત્યાં વરસાદ હાઉકલી કરી રીસામણે જતાં રોપા વિતરણને અસર થઈ છે. જિલ્લામાં વૃક્ષારોપણ માટે વન વિભાગે આગોતરી તૈયારીઓ કરી સામાજીક સંસ્થાઓના સહયોગથી વૃક્ષ વાવેતરનું આયોજન કર્યું પરંતુ નર્સરીમાં રોપા લેવા માટે આવનાર વૃક્ષ પ્રેમીઓ ફરકતા જ નથી. રોપાના વાવેતર પછી વરસાદ ન વરસે તો મહેનત અને વૃક્ષ ઉછેરનો લક્ષ્યાંક સફળ થાય તેમ ન હોવાથી વૃક્ષારોપણ ઉપર આપોઆપ વરસાદના અભાવે બ્રેક વાગી છે.

# જીતપુરમાં મહાદેવને પાણીમાં ડૂબાડી વરસાદ માટે વિનવણી

## મહિલાઓએ જળ ભરેલાં બેડાંથી શિવલીંગ પાણીમાં ડૂબાડ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭ વરસાદ ધાર્યા કરતાં વધુ ખેંચાયો છે, કોરોના ખરીફ વાવેતરનો પ્રારંભ કર્યો. મોંઘુદાટ બિયારણ ધરતીના પેટાળમાં ધરબી સારા ચોમાસાની આશા



કાળમાં માંડ જનજીવન પાટે પડ્યું છે ત્યાં વરસાદે ચિંતાનું આવરણ ઉભું કરતાં હવે વરસાદને રીઝવવાના પ્રયાસો શરૂ થયા છે. મેઘરજ તાલુકાના જીતપુરમાં નાગેશ્વર મહાદેવના મંદિરે સ્થાપિત શિવલીંગને પાણીમાં ડૂબાડી ગ્રામજનો દ્વારા વરસાદ માટે વિનવણી કરવામાં આવી છે. વર્ષોની માન્યતા છે કે ભગવાન શંકરને પાણીમાં ડૂબાડી નાખો તો વરસાદ વરસતો હોય છે જેથી આ વખતે વરસાદની અછતથી ચિંતિત મહિલાઓએ માથે જળ ભરેલાં બેડાં મંદિરે લઈ જઈ શિવલીંગને પાણીમાં ડૂબાડી વરસાદ માટે સામૂહીક પ્રાર્થના કરી છે.



માનવી પૃથ્વીથી લઈ અંતરીક્ષમાં સફર ખેડવા માટે સક્ષમ બની ગયો છે પરંતુ કેટલેક અંશે કુદરત ઉપર વધુ મદાર રાખવો પડતો હોય છે. પ્રયત્નો કરી થાકી ગયેલો કાળા માથાનો માનવી છેલ્લે તો કુદરત સામે ઘૂંટણીયે પડી આપદાથી ઉગારવા માટે પોકાર પાડતો હોય છે. જિલ્લામાં ચાલુ વર્ષે વરસાદની વહેલી પધરામણી થતાં ખેડૂતોએ રાખી પરંતુ વરસાદ રીસાઈ ગયો હોય તેમ આકાશમાં વાદળો ઘોરંભાય છે પરંતુ માગ્યા મેહ વરસતા ન હોવાથી ચારેકોર ચિંતાનાં વાદળ ઘેરાયાં છે. હવામાન વિભાગની આગાહીઓથી નિરાશ થઈ પ્રજાએ હવે કુદરત સમક્ષ વિનવણીઓ શરૂ કરી છે. મેઘરજ તાલુકામાં વરસાદ ગાયબ થઈ જતાં ખેડૂતોની સાથે આમ પ્રજા પણ ચિંતામાં સરી પડી છે. હવે દિવસો ઉપર દિવસ ખેંચાઈ રહ્યા છે જેના કારણે જો વરસાદ ન વરસે તો મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ શકે છે જેથી તાલુકાના જીતપુર ગામના ગ્રામજનો અને શ્રદ્ધાળુ મહિલાઓ દ્વારા વરસાદ માટે નાગેશ્વર મહાદેવ સમક્ષ પ્રાર્થનાઓ શરૂ કરવામાં આવી છે જેમાં નાગેશ્વર મહાદેવના શિવલીંગને મહિલાઓએ માથે બેડાંમાં પાણી પાણી ભરી લાવી સંપૂર્ણ જળમગ્ન કરી દીધા છે. મહાદેવજીને પાણીથી તરબોડ કરી અકળાવવામાં આવે તો વરસાદ વરસતો હોવાની અતૂટ શ્રદ્ધા હોવાના કારણે ગ્રામજનો દ્વારા વરસાદ માટે મહાદેવને રીઝવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# બાયડ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ-મહામંત્રી નિમાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭ બાયડ શહેર ભાજપ



મહિલા મોરચા પ્રમુખ તરીકે જીજ્ઞાશાબેન કૌશિકભાઈ પંચાલ અને મહામંત્રી તરીકે પુષ્પાબેન નીતિનભાઈ પટેલની નિયુક્તિ થતાં બાયડ શહેર ભાજપમાં ખુશાલી જોવા મળી. બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ સહિતના ભાજપના કોર્પોરેટરો તેમજ સંગઠન હોદ્દેદારોએ તેમની નિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. સક્રીય કાર્યકર મહિલાઓની સંગઠનમાં પસંદગી થતાં બાયડ શહેર ભાજપ મહિલા સંગઠન વધુ મજબૂત થશે તેમ કાર્યકરોએ જણાવ્યું છે.

# અરવલ્લી જિલ્લા અધિક નિવાસી કલેક્ટરે ચાર્જ સંભાળ્યો

## સરકારની લોકકલ્યાણ યોજનાઓની સમીક્ષા કરાઈ

અરવલ્લી જિલ્લા નવનિયુક્ત અધિક નિવાસી કલેક્ટર પ્રદીપસિંહ રાઠોડે ગત રોજ વિધિવત રીતે જિલ્લા અધિક કલેક્ટર તરીકેનો કાર્યભાર



સંભાળ્યો છે. ગુજરાત વહીવટી સેવા સંવર્ગમાં નિયુક્તિ પછી અલગ અલગ વિભાગોમાં ફરજ બજાવી નવરચિત જિલ્લામાં ચાર્જ સંભાળતાંની સાથે અધિક નિવાસી કલેક્ટરે અધિકારી-કર્મચારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી જેમાં વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ તેમજ ગંગાસ્વરૂપા બહેનોની યોજનાઓ અંગે ખાસ સમીક્ષા કરવામાં આવી હતી.

જાણવા મળ્યા મુજબ ગાંધીનગર મ્યુનિસિપલ નાયબ કમિશનર, મહેસાણા જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, કલોલ પ્રાંત અધિકારી, જૂનાગઢ નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગીર-સોમનાથ જિલ્લા પુરવઠા અધિકારી, સોમનાથ-વેરાવળના પ્રાંત અધિકારી અને મહેસાણા જિલ્લામાં અધિક નિવાસી કલેક્ટર તરીકે ફરજ બજાવનાર પ્રદીપસિંહ રાઠોડની અરવલ્લી જિલ્લા અધિક નિવાસી કલેક્ટર તરીકે નિયુક્તિ થઈ છે. નિવાસી કલેક્ટર તરીકે તેમને અન્ય જિલ્લાઓનો અનુભવ હોવાના કારણે નવરચિત જિલ્લાના વહીવટી તંત્રને તેમના વહીવટનો લાભ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. જિલ્લા સેવા સદન ખાતે ગત રોજ અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે તેમને બેઠક યોજી સરકારની લોક કલ્યાણની વિવિધ કામગીરીઓનો ત્વરીત અમલ અને નિકાલ થાય તે માટે ઉપસ્થિત અધિકારી-કર્મચારીઓને અનુરોધ કર્યો હતો.

# અરવલ્લીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વેક્સિનના ઓછા ડોઝ ફળવાતાં હોબાળાની સ્થિતિ

## રસીકરણ માટે ધરમધક્કા, રજીસ્ટ્રેશન બાદ બીજાને રસી આપી દીધાની ફરિયાદો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭ અરવલ્લી જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વેક્સિનના ઓછા ડોઝ ફળવાતાં હોબાળા જેવી સ્થિતિ આકાર લઈ રહી છે. રસી માટે લોકોને ધરમ ધક્કા પડતા હોવા છતાં રસીનાં ઠેકાણાં નથી અને કેટલાક વિસ્તારોમાં રજીસ્ટ્રેશન પછી પણ કોઈ બીજાને રસી આપી દીધાની વિગતો સામે આવતાં રસીકરણ મુદ્દે ઘર્ષણ થવાની સંભાવના છે. ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં માંડ રસીના ૧૦૦ ડોઝ ફળવાય છે અને તેની સામે રસી લેનારાઓની લાંબી કતારના કારણે આરોગ્ય સ્ટાફ અને રસી લેનારાઓ વચ્ચે ચકમક થવાની સંભાવના વધી છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં આરોગ્ય તંત્રએ ખાસ્સી રાહત અનુભવી પરંતુ મોટાપાયે શરૂ કરવામાં આવેલા રસીકરણ મુદ્દે વિવાદનો સામનો કરવાની ફરજ પડી છે. સરકારે રસીકરણનો લક્ષ્યાંક ઝડપથી પુરૂ કરવા માટે આદેશ તો આપ્યા પરંતુ પૂરતા પ્રમાણમાં રસીના ડોઝ ફાળવવામાં સરકાર કોઈપણ કારણોસર ઉણી ઉતરી છે જેના કારણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં રસી મૂકાવવા માટે લોકોનો ઉત્સાહ છતાં રસી મળી શકતી નથી. અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ મરણ પથારીએ પડ્યું છે અને લોકોમાં રસીકરણ બાબતે જાગૃતતા આવી છે પરંતુ ખાટલે મોટી ખોડ હોય તેમ રસીનો ઓછો જથ્થો ફળવાઈ રહ્યો છે જેથી ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં રસી મૂકાવવા માટે લાંબી કતારો લાગે છે. કેટલાક વિસ્તારોમાં તો રસી મુદ્દે હોબાળો મચવાની સંભાવના વધી છે.

**જિલ્લાનું એકમાત્ર મંદિર**

# વાત્રકના મહાલક્ષ્મી મંદિરમાં અષાઢી બીજથી કાયમી રાજભોગ

## ધારેશ્વર મહાદેવ, મહાલક્ષ્મી મંદિરનો સેવાધામ-તિર્થધામ તરીકે વિકાસ થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭ કોઈપણ કામ પૂર્ણ કરવાનો મજબૂત ઈરાદો હોય તો કશુંય અશક્ય નથી. વાત્રકની ભૂમિ ઉપર ઉત્તર ગુજરાતની સુવિધાયુક્ત આંખની હોસ્પિટલ



કરોડોના ખર્ચે તૈયાર થવાની છે ત્યારે અદ્યતન હોસ્પિટલના સ્વપ્રને ગતિ આપનાર, ગાબટના વતની, અમદાવાદને કર્મભૂમિ બનાવનાર વિજયભાઈ શાહે વાત્રકના મહાલક્ષ્મી મંદિરમાં અષાઢી બીજથી કાયમી રાજભોગ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ધારેશ્વર મહાદેવ, મહાલક્ષ્મી મંદિરનો સેવાધામ-તિર્થધામ તરીકે વિકસાવવા માટે સંકલ્પબદ્ધ બન્યા છે. આવો આપણે સૌ ભેગા મળી માત્ર વાત્રક પંથક જ નહીં સમગ્ર અરવલ્લી જિલ્લાના શામળાજી સહિતના વિસ્તારોને સેવાધામ-તિર્થધામ તરીકે વિક્સાવવા માટે આહવાન કર્યું છે.

અરવલ્લીનો બાયડ પંથક વાત્રકની શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ હોસ્પિટલના કારણે આસપાસના ૧૫૦ કી.મી. સુધી ખ્યાતિ પ્રાપ્ત બન્યો છે. વાત્રકને મેડીકલ કોલેજ મળવી જોઈએ તેવી સૌની અપેક્ષા હજુ પૂરી થઈ નથી. બાયડ તાલુકાની મજબૂત નેતાગીરીના ગુણગાન ગવાય છે પરંતુ તેનો બહુ મોટો ફાયદો તાલુકા કે તેની પ્રજાને મળ્યો નથી. હવે સેવાભાવિઓએ બાયડ પંથકના વિકાસ માટે એક સંપ થવાનો સમય પાક્યો છે. વિજય શાહ જણાવે છે કે હું વાત્રકની ધરતી ઉપર પગ મુકું છું એટલે કંઈક અલૌકિક અનુભૂતિ થાય છે. વાત્રકમાં આવેલ મહાલક્ષ્મી મંદિરનો જોઈએ તેવો વિકાસ થયો નથી અને આ માટે હું અને મારૂ મિત્ર વર્તુળ સંકલ્પબદ્ધ બન્યા છીએ. પહેલાં તો મંદિર પરીસરને સેવાધામ અને તિર્થધામ તરીકે વિકસાવવાનો સંકલ્પ પૂરો કરીએ જેના ભાગરૂપે આગામી તા.૧૨ જુલાઈ, અષાઢી બીજથી મંદિરમાં કાયમી રાજભોગની સેવા શરૂ થશે. અહીંયાં આવતા યાત્રાળુઓ અને દર્શનાર્થીઓને યોગ્ય સગવડ મળે તેવા પ્રયાસ કરાશે. ધારેશ્વર મહાદેવ મંદિરના વિકાસ માટે પણ સૌના સહકારથી આગળ વધી રહ્યા છીએ. અષાઢી બીજથી વાત્રકના જાણીતા મંદિરમાં રાજભોગની સેવા શરૂ થવાની છે તે જાણીને પંથકની પ્રજામાં ખુશાલી જોવા મળી છે.



**બાયડના બે યુવા તબીબોનું કોરોના વોરિયર્સ તરીકે સન્માન**

બાયડ તાલુકામાં કોરોનાની આંધી દરમ્યાન દર્દીઓની સેવા કરનાર યુવા તબીબ ડાં.દર્શન એસ. પટેલ(કેશવ હોસ્પિટલ-બાયડ) અને ડાં.કૃતિક પી. શાહ(શ્રીજી હાર્ટ હોસ્પિટલ-બાયડ)નું કોરોના વોરિયર્સ તરીકે જાયન્ટ્સ ગૃપ ઓફ-બાયડ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. કોરોનાની બીજી લહેરમાં તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. એપ્રિલ મહિનામાં કોરોનાની બીજી લહેર ફરી વળતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના દર્દીઓ માટે બેડ ખૂટી પડ્યા હતા. દવાઓ-ઓક્સિજનની અછત ઉભી થઈ હતી. તેવા સમયે બાયડના યુવા તબીબોએ કોરોનાગ્રસ્ત દર્દીઓની શક્ય એટલી વધુ સેવા કરી અનેકના જીવ બચાવ્યા હતા. તાજેતરમાં વિશ્વ ડાંક્ટર-ડેની ઉજવણી દરમ્યાન જાયન્ટ્સ ગૃપ ઓફ-બાયડના પ્રમુખ ડાં.દેવમ્ ડી. સોની અને તેમની ટીમ દ્વારા કોરોના વોરિયર્સ ડાંક્ટરર્સોનું સન્માન કરી તેમના હાંસલાને બિરદાવવામાં આવ્યો હતો. બે યુવા તબીબે પણ દિવસ-રાત જોયા વગર કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરી અનેક ગરીબ પરિવારોના આશીર્વાદ મેળવ્યા હતા. તેમના વિશિષ્ટ સન્માન સમયે જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડના એન.સી.એફ., પૂર્વ પ્રમુખ ધર્મેશ સોની, ફેડરેશન ઓફીસર કુમુદભાઈ ભાવસાર, યુનિટ ડાયરેક્ટર ગીરીશભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ સંજયભાઈ શાહ, શૈલેષ એસ. ભાટીયા વગેરે હાજર રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત ૩૬ નિરાધાર બાળકોને ઓનલાઈન સહાય

બાયડ તા.૭ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર રાજયમાં મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો પ્રારંભ ગાંધીનગર ખાતેથી કરાવ્યો હતો આ યોજના અંતર્ગત કોરોનાની મહામારી દરમિયાન મા-બાપ ગુમાવી નિરાધાર બનેલા સાબરકાંઠા જિલ્લાના ૩૬ બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત પ્રતિ બાળક દીઠ રૂ ૪૦૦૦ની સહાય રાજય સરકાર દ્વારા પુરી પાડવામાં આવશે.

કોરોનાકાળમાં માતા પિતા ગુમાવનાર નિરાધાર બનેલા બાળકોની આધાર બનવાની સંવેદનશીલતા રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દાખવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી સરકારના ૭ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૨૯ મે જાહેર થયેલ મુખ્યમંત્રી બાળસેવા યોજનાના માત્ર ૩૮ દિવસમાં રાજયવ્યાપી આગવી સંવેદના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રગટ કરી છે.

કોરોનાથી માતા પિતાનું અવસાન થતા નિરાધાર બનેલા, છત્રછાયા ખોઈ ચુકેલા સાબરકાંઠા જિલ્લાના ૩૬ બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત રૂ. ૪૦૦૦ની સહાયનો આજથી આરંભ કરાયો છે.

મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ ૦ થી ૧૮ વર્ષ સુધીની વયના જે બાળકોના માતા-પિતાનું કોરોનાના સમયગાળામાં અવસાન થયું હોય તેવા બાળકોને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય દરમહિને ૪૦૦૦ની સહાય રાજ્ય સરકાર આપશે. જે બાળકને ૧૮ વર્ષ પૂર્ણ થયા પછી પણ અભ્યાસ ચાલુ હશે તેવા બાળકને ૨૧ વર્ષ સુધી આફટર કેર યોજનામાં આવરી લઈ મહિને ૬ હજારની સહાય સરકાર આપશે. ઉચ્ચ અભ્યાસ સાથે જોડાયેલા આવા બાળકો યુવક-યુવતિઓને ૨૪ વર્ષ કે અભ્યાસના વર્ષ પૂર્ણ થાય તેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આફટર કેર યોજનામાં પ્રતિમાસ ૬ હજાર રૂપિયા સહાય મળશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધીરૂભાઈ પટેલ, હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી યતીનબેન મોદી, જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સંગવાન સહિત જિલ્લાના અગ્રણીઓ અને અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.